૬૩૫૯

શ્રી પરમાત્મ

શ્રી પરમાત્માને નમઃ

શ્રીજૈન વિદ્યાર્થીસ્તવનાવળી

પ્રારંભ.



રાગ કલ્યાણ

ચોવીસ જીનેશ્વર ની સ્તુતિ

જય જીનેશ્વરા, આદી જીનેશ્વરા,
અજીત. સંભવ. અભિનંદન. વંદીએ ત્વરા,
સુમતી, પદ્મ. સુપારશ્વ શામી, આઠમા છે જીનચંદ,
મહસેન રાજા કે નંદન, લક્ષ્મણાના નંદ,—જય જીનેશ્વરા૦
સુવીધી, શીતલનાથ, પ્રભુ, હંસનાથ જીનચંદ,
વાસુપુજ્ય, વીમલ. અનંત, ધર્મનાથ જીણંદ,—જય,
શાંન્તી કુન્થુ અર. મલ્લીનાથ પ્રભુ, આગણીશમા સ્વામી,
મુની. નેમીને નેમનાથને, વંદે શીરનામી, જય જય
પારશ્વ વીરને નીત્ય પ્રણમુ નમીએ બે કરજોડ,
જૈન વિદ્યાર્થી મંડળી મારે ગુણમાં ન હોય જોડ, જય,



શ્રી રીખવ દેવનુ સ્તવન

રાગ૦ મેનાવતી માતા

રીખવજીનજી, વીનતી; અવધારોરે, તુજ દાસની,
શીધ ગોરીમાં, આદિસ્વરછે, ત્રણ જગતના તાત
રીખભ લંછન, શોભેછે, એને, મરૂ દેવી માત,-રીખવ

પાપ કષ્ટ સહુ, દુર નીવારો, નીરંજન નીરાકાર.
તમ ગુણુનો, પાર નથો કાંઈ, વંદે નરનેનાર,-રીખવ.
અમને અલબેલા, આધાર તમારો, નાભીરાજા કુળચંદ્ર
જૈન વીર્દ્યાથ, મંડલી ગાવે, ગુણુતણોછે કંદ

શ્રી અજીત નાથનુ સ્તવન

રાહા૦ જમસેકજાંદર

અજીતનાથને, અર્જ કરૂંછું ભવપાર, ઉતારોને,
તમે દયાળુ, ત્રણુ જગતના, શેવકને, ઉગારોને,
લાખ ચોર્યાશી ભમતા તારે શરણે આવ્યો નાથ,-અજીત
જીત શત્રુ કે નંદ, વીજયા રાણુ માત,
જૈન વિદ્યાર્થ મંડલી નમે કરજોડીને હાથ,-લાખ

શ્રી સંભવનાથનુ સ્તવન

રાગ ચતરંગ રસ સુનાવહો. ત. ત્રીતાલ
ચંદ્રસમ મુ ત તેરી સોભીરહી. સંભવજીકો સોભેમુખર્વ
અતી ચન્દ્ર સમમુરતતેરી સોભા રહી-એ ટેક
સંભવ જીનસે નીનતા કન્તેહે રૂમછુમ છનનન ગાઓ.
સહુ સનનન ઉમંગ અંગ આજછે અહીચંદ્ર
આજેહે ધ્યાન પરમાનંદ સા-રી-ગ-મ-પ ધ-ની-સા-નાથપ
મગરીસા-વિદ્યાર્થ મંડલી ગાવે સહી-ચંદ્ર

શ્રી અભીનંદનનુ સ્તવન

રાગ-સહીયર દુઃખ સુ દાખવું એ રાહ.
અભી નંદન વીનતી હું કરૂ તારો હે જગનાથ
હું રે સેવક છું તાહેરો. હવે કેમ મેલુ હાથ અભી.
સંવર રાજા કો નંદન. સીધારથ.જી માત
તસ કુખે પ્રભુજી અવતર્યા ત્રણ જગતના તાત-અભી
આંગીનીતો રચના રૂડી. જાયુર મોગર સર
ગુલાબ ચંપોને દમરો. વલી ચંદન હાર-અભી.
પાની પ્રાણી મારા જેવો. આવ્યો તમારે દ્વાર
જૈન વિદ્યાર્થ મંડલી- કહે કષ્ટનોવાર—અભી ।

શ્રી સુમતી નાથનુ સ્તવન

રાગ-કેરવા-તથા-રાજા વાત કહું છું સાચી એરાહ

થઇ રચના આજ કેવી- સુમતી જીનં દ્વારે રે
સુમતી જીનધ્વારેરે સુમતી જીન દ્વારેરે. થઇ- ટેક
હું સેવક છુ તાહરા, પ્રભુ તમારો આધાર
પાપ કષ્ટ સહુ દૂર નીવારો ઉતારો ભવ પાર-થઇ
મેઘરાજા હે પીતા તારા. મંગલા રાણી માત
ત્રણ જગતના ધણી તમે છો. સઉ ગુણના વિખ્યાત-થઇ
સુંદર સુરત. પ્રભુની મુરત. તુમ જેવા નહી કોય
જૈના વક્યર્થ મંડળી બોલે કંઇ ન ખામી હોય-થઇ.

શ્રી પદ્મપ્રભુનુ સ્તવન

રાગ ક્ષત્રી કંલક

તારો પદ્મ પ્રભુજી મહારાજ. તમારો સંગ નહી મેલુરે
મારા સુધારો તમે સહુ કાજ. તમારો- તમે ધર રાજા કો
—નંદન-તમારો
થાજો સેવકપર પરસંન- તમારો- પ્રભુ સુસી માતાજીના જા
—યા- તમારો
જ્ઞાન સહીત તમે આવ્યા- તમારો

દિન દયાળ પરમ કૃપાળ- તમારો. પ્રભુ છોડાવો મોહની જા
-લ તમારો

જૈન વીધા ગુણ તણા નહી પાર- તમારો. વંદે સરવે નર
-નેનાર- તમારો સંગ નહી મેલુરે

શ્રી સુપારસ્વજીનનુ સ્તવન

રાગ સત્ય કહો. એરાહ

આજેછે ધન- પ્રભુ ગુણ ધારા- નથી કાંઇ ખામી લાગોછો પ્યારા
તુમ ગુણ રસીયા ગુણજ ગાવે પ્રતોગત રાજા કે ઘર આયા
-આજે

કુમત કાપો- સુમત આપો -પ્રથવી રાણી માતા કુખેજાયા- આજે
સુપાર સ્વજીનકા- મુખડા દુખીને- શેવક ને મન હર્ષનમાયા
-આજે

જનવિદ્યાર્થ- મંડલી ગાવે- સુપાર સ્વજીનકા જય જય કાર-
-આજે

શ્રીચંદ્ર પ્રભુનુસ્તવન

રાગ- મનેરૂ દે ફસાવીને એરાહ

ચંદ્ર પ્રભુની રચના જોઇને- ખુસી થાઉ ખુસી થાઉ

હીરા રતન ઝલ ઝલને- વારી જાઉં-વારી જાઉં ચંદ્ર, એ ટેક

-સાખી- મહાસેન રાજા કે નંદન લક્ષમણા રાણી માત.

તસ કુખે પ્રભુજી અવતર્યા- ત્રણ જગતના તાત- ચંદ્ર.

સાખી- મડળી વિદ્યાર્થ વીનવે- પ્રભુ હું તમારો બાળ

ગુણ ગાતે પ્રભુ- તાહેરા- આપજો મોક્ષ રસાળ- ચંદ્ર.

શ્રી સુવિધિ નાથનું સ્તવન

રાગ- જાહવે સાખ

પ્રભુ તું તાર- પાર ઉતાર- સુવિધિ નાથ [illegible] અ.૧૦- એ ટેક

સુવિધિ નાથ મારી- શી આગતી- હું છુ [illegible] ર. [illegible]- પુરો મ

-મશાંક

કરો કર્મ ભગ- આપો શીવ રંગ-

ધન્ય મીલ્યા મમ નાથ- [illegible] હવે [illegible] હાથ-

વિનતી સ્વીકાની પાર ઉતાર પ્રભુ- પ્રભુ

મુગટ માથે શોભે અતિ હીરાનો હાર [illegible] અપાર.

લાગે અતી પ્યાર છે તન બલિહાર.

સુરતી સોભે બહુ વંદે નર નારી સહુ

જઈન વિદ્યાર્થ આશ પુરો કર વીભુ- પ્રભુ તું તાર,

શ્રી શીતલ નાથનું સ્તવન

રાગ- ખટક રહી મનના અગચની એરાહ

શીતલનાથ તમે તારોને મુજને પાર ઉતારોને.
તમે મમનાથ હું તમદાસ મારા પાપ નીવારોને. એટેક
લાખ ચોર્યાશી હું બહુ ભમ્યો તોયે હજુ ન પાર આવ્યો
હવે તમારે સરણું આવ્યોછું મળ્યા મભુ તેથી મન ભાવ્યા
-શીતળ
દ્રઢરથ તાત નંદા માત ધન્ય તમનેછે જીન રાયા
ધન તમ માત ધન તમ તાત જૈન વિદ્યાર્થે ગુણગાયા- શીતળ

શ્રી હંસ નાથનુ સ્તવન

રાગ- હાય શી આ ગતી મારી- રાહ

ઓહા તારી છબી સારી લાગેછે બહુ પ્યારી- એટેક
મસ્તગે મુગટ હીરે જડેલો કાનમે કુંડળ સાર
જા સુર મોગર ચડેછે ઝાઝા આણંદછે આજ કરો સુભ કાજ
-છે સુખકારી- આહા
જૈન વિદ્યાર્થ મંડળી બોલે તમ ગુણ તણો નહી પાર
હંસ નાથ મભુ આધાર પાર ઉતાર માગુ એક નાર
- આપો શીવપ્યારી- આહા

શ્રી વાસુ પુજ્યનુ સ્તવન

રાગ- છોડી આગતકી

બલી હારી જાઉં(૨) શ્રી વાસુ પુજ્યની રચના જોઈને
આંણું થાઉંરે- બલીહારી જાઉં.
વસુ પુજ્ય કે નંદન જયા ચંપાપુરી ગામ
શ્રી વાસુ પુજ્યની મુરત નીરખી વંદુ જોડી હાથ- બલી
તરેહ તરેહના પુષ્પ ચઢાવું જાસુદ મોગર સાર.
જૈન વીદ્યાર્થિ મંડલી માગે આપો શીવ પુર નાર- બલી

શ્રી વિમલનાથનુ સ્તવન

પ્યારા પ્રભુ વીનવું. વંદો વંદો શ્રી જીનરાજને, પ્યારા, એ રાહ
વીમલનાથ પ્રભુ તુજ ગુણ ગણતા. સહુના, દૂઃખ નામ હરતા થયા,
વીમલ પ્રભુનુ મુખ બીંદ જોઈને, વંત્રસજી પુણ્યહસી
પાસે ધસી. પ્રેમરાખી. મનહસી. મનવસી હાં. હાં. હાં હાં. પ્યારા
જૈના વીદ્યાર્થ મંડલી બોલે. નહી. તુજ. તોલે. ઓલે —પ્યારા.

શ્રી અનંતનાથનુ સ્તવન.

ધન્ય આજ (૨) ઝલ ઝલ થાએ, મુખ તેજ દેવું આં
અવસર.

તુજ દરસન, મલ્યું, મુજને રત્ન ખાણી,
જેથી થાએ આનંદીત, પ્રભુ તુજ મુખ નુર
સારીગ-રીગમ-ગમપ-મપધ-પધની-ધનીસા
સાનીધ-નીધપ ધપમ-પમગ-મગરી-ગરીસા.
સારીગમપધનીસા. ધન્ય.
(નીમેશ્વરે) મસ્તગે મુગટસાર જાણું વીજલી ચમકાર,
અનંતનાથ તાર, વીનતી તું ઉધ્ધાર. (ફ્રીથી ઉચે સ્વરે)
સુંદર, મનહર, નીરખી, મુરત, લાગે પ્યાર
ધન્ય દીન, આજ દીન, પાપ છીન.
વિદ્યાર્થ વંદે આજ. ધન્ય.

શ્રી ધર્મનાથનુ સ્તવન

રાગ વીરા વેસ્યાના યારી

પ્રભુજીની પ્યારી મુરતી સારી ને ભલી લાગી બહુ મને જી
—ન રાજ.

રચના મોહનગારી મુરતી સારી એટેક
ધર્મ નાથજી કૃપા કરો તમે અમે તમારા દાસ
પાપ કરમ દુર નીવારો વંદુ જોડી હાથ રે પ્રભુ.
સુરત જૈન વિદ્યારથ મંડળી ગાવે ગીત રસાળ

લાખ ચોર્યાસી હું બહુ ભમ્યો ભમ્યો અનંતો કાલ રે- પ્રભુ.

શ્રી શાંતીનાથનું સ્તવન

રાગ- દરમાતું હોલ સાથ

તમને વિનતી કરશું આજ પ્રભુજી વિનતી કરશું આજ
મારા સુધરશે બહુ કાજ — પ્રભુજી. ટેક
વીશ્વસેન તાત અમીરાજી માત.
શાંતીજી સુંદ સોળના પદ પાયા, નર નારી વંદે જીનરાયા
હું તમ દાસની વીનતી સ્વીકારો શેવકને ભવ પાર ઉતારો
— ભવપાર મુજને
પ્રભુ તમે તારોની જગનાથ હાંજી તુમે તારોની જગનાથ —
- પ્રભુજી

હું તમ દાસ તારો જગ વાસ
મસ્તકે મુગટ સોભેછે કેવો. નહી જોયો જગતમાં એવો
વાહ વાહ પ્રભુ લાગેછે પ્યારા, જૈન વિદ્યાર્થીઓ તમ ગુણ ગાયા
લાગેછે, પ્યારા, પ્રભુજી રચના રૂડી બનીછે આજે-પ્રભુજી

શ્રી કુંથુંનાથનું સ્તવન.

રાગ. રાગીર વચમાં લાગેછે સકોમળ ફેવા

કુંથુ જિનં ભગવંત આજ, સોભેછે કેવા, મલ્યા મને દરસન દેવા.
નથી કોઇ જગમાં એવા (બે વાર) હાં હાં હાં હાં ટેક-કુંથું
મુરતી લાગે પ્યારી, ભવો ભવ અમને મળો.
રચના મોહન ગારી, જાણે પ્રભુ હસને છળો,
નાથ નિરંજન દેવા, કરીએ નીશદીન શેવા. હાં હાં હાં
હાં.-કુંથું.
મમ ચીતડું હર્યું છે પ્રભુ લાગેછે પ્યારા,
ક્યારે તારશો આ, દાશને પ્રભુ મોહનગારા
શ્રી કુંથું બિરાજે છે કેવા, વિધ્યાર્થ કહે સત્ય સેવા હાં હાં
હાં હાં કુંથુ.

શ્રી અરનાથનું સ્તવન

રાગ. બેઠા સુંરે આહી

સુણોરે અરજી (બેવાર, પ્રભુજીરે, ઉતારો અમને ભવ પાર સુ-ટેક
ગજપુરી નગરીના, નેશ મંદર રાન કુલચંદ
દેવી રાણીના નંદ-સુણો રે-
અરનાથ પ્રભુ દાતાર, વીનવું અપરંપાર,
શેવકની કર સાર-સુણો રે-
જૈન વિધ્યાર્થ મંડળી બોલે પાપ કર્મ નીવાર

વંદો વારંવાર-સુણોરે-

શ્રી મલ્લીનાથનુ સ્તવન.

રાગ. ચાલો ચાલોરે.

તારો તારોરે. તરણ ગુણવંત મુજને, તારોને.
આપો આપોને, તમારા દરશન, ભવો ભવ આપોને-તારો-ટેક.
આપો દરસન, દુઃખને કાપો, કાપો પ્રભુજી હમારારે-
અમે આવ્યા છઇએ, શરણે તમારે, દરશન કરવા આજ-ભવો
પ્રભાવતી માત. કુંભરાજ તાત. મલ્લિનાથ જીણંદરે
જૈન વિદ્યાર્થ મંડળી ગાવે, ઓગણીશમા છે ચંદ-ભવો-

શ્રી મુનિસુવ્રત સ્વામીનું સ્તવન.

રાગ. ધીરજ ધરરે

મભુ સ્તવરે, મુની શું વ્રત તારો મુજને. ટેક
પ્રભુ સ્તવ દરશન તમારા, દૂર હોગા પાપ હમારા
ભવ જલ તારરે-મુ-

શાખી.

ધ્યાન ધરો અરી હંતકા, અપના કર સાધન
મોહ રૂપી જાલસે, મત લગાના મન-મભુ

સાખી.

માયાકી નિરાશામે, કછુ નહે સાર
વિદ્યાર્થ મંડળી કહે, જુઠા હે સંસાર-પ્રભુ

શ્રી નેમીનાથનું સ્તવન

રાગ ફગનવા મોરા કરસ સરક ગયોરે

નેમીજીન આજે દરશન તમારૂં મલ્યુ રે,
શીવા દેવી માતરે, વિજય રાજા તાતરે
સુંદર સોભે દરસન, કરીએ છે વંદન, છો એકવીસમા જી
નંદ-નેમી-

પ્રભુ તમે તારોરે, પરીતાપ વારોરે,
હું સરણે આવ્યો સ્વાંમી, તું છે મુજ અંતર જાની, હવે કેમ
રાખો ખામી-નેમી.

જૈન વિદ્યાર્થ મંડલીરે, આણી પેરે બોલેરે
આજે ઘણો આનંદ, બીરાજે છે જીનચંદ, ગુણ રૂપી છો
કંદ-નેમી.

શ્રી નેમનાથનું સ્તવન.

રાગ-ગયો કયાં છોડી મને હીસજાન

પ્રભુજી નેમજીનેશ્વર ભગવાન, આપો દરશન કામે કામનું
નથીરે પાર પ્રભુ તણું વરણું-પ્રભુજી-એ ટેક-
રાજુલ વીનવે, ઓ મેરા સ્વામ, કયાં ગયા છોડી ભગ
આઠ ભવની પ્રીતીને તેડી, સગ આવું ગુણવાન પ્રભુજી
રાજુલ ગઇ શોકને જોવા, નેમ વર્યા શીવનાર
જૈનવિદ્યાર્થી મંડલી ગાવે, બિરાજે અપર ...ર-પ્રભુજી-રસ.

શ્રી પારસનાથનું સ્તવન.

રાગ. શાઇયા તોરે પઇયા લાગુ

પ્રભુ પાંરશ્વ તોરે પાયે પ્રણામું વંદૂ બે કરજોડ
ધન્યવામા માત, પ્રભુ અશ્વસેન તાત
દયાવાન ધીરવાન, વર્યા શીવનાર-તોરે-એ ટેક.
વર્યા શીવનાર, દેખી તોરી મુરતી સારી,
તોરી મુખ બીદ જોઇ જાઉ વારી વારી તોરી-પ્રભુ.
જૈન વિદ્યાર્થીની વીનતી સ્વીકારો, પ્રભુ આપો શીવ
પુર સારનાર-તોરે.

શ્રી મહાવીર સ્વામીનું સ્તવન.

રાગ-ગુજરપતી તારોરે.

મહાવીર સ્વામી તારોરે-મુ-
મુગટ શો ઝળકે મહાવીર સ્વામી તારોરે- ટેક.
બેઠા સોહાશન સુર્ય પ્રકાશ્યો, મોતી કેરા હાર ઝળકેરે-મ.
કાનમેં કુંડળ બિરાજે સારો, મુગટમાં ઝગી ઝગી તારા ચ
ળકેરે-મહા.
ચંદ્ર સરીખુ, મુખડુ સોભે, તમ પર જાઉ વારી વારીરે-મ.
જૈન વિદ્યાર્થ મંડળી બોલે, જય જય જય જયકારી-મ૦

આ ચોવીસે જીનનાથજીના સ્તવન સમાપ્ત.

શીતળનાથજીનું સ્તવન.

રાગ-કોરડાની ચાલ.

આજે છે દીન આ ધન્નોરે, પ્રભુ. આજે દીન આ ધન્નોરે
ટેક.
શ્રી માજીનજી, શીતલનાથ, નંદા માતાજીના નંદન્નોરે-પ્રભુ.
મુખડુ સોભેને, મનડુ લોભે, દ્રઢરથ રાજાનો છે ચંદ્ર
નોરે-પ્રભુ.
જૈન વિદ્યાર્થ મંડળી બોલે, ઊગીયો છે દીન આણંદનોરે-પ્ર

ચોવીસ જીનને જૈન વિદ્યાર્થી મંડળીના પ્રણામ.

રાગ—વીનતી ધરજો ધ્યાન.

નીત્ય હમારા પ્રણામ, ચોવીસે જીનને, નીત્ય હમારા પ્રણામ
સર્વ સતોમા, શોભ છે મોટી રાજી સતીને પ્રણામ—ચોવીસ.
પંચમ જ્ઞાની, સર્વ સાધુને, મોક્ષ ગામીને પ્રણામ—ચોવીસ.
ચારણ મુનીને, સમ કેતી જીવને, મંદીર સ્વામીને પ્રણામ ચો૦
જૈન વિદ્યાર્થી મંડળી એટલે વારોવાર પ્રણામ—ચોવીસ.



શ્રી " રાઈઝીંગ સ્ટાર " પ્રીન્ટીંગ પ્રેસ સુરત કેળાપીઠના ચાર

દોહરો

વિદ્યા ગુણ ભંડારમાં વિવિધ શીખ્યા જુની રાજ,
તેહ નહિં ખચાયથી બનાવ્યું પુસ્તક સહુ કાજ.

જાહેર ખબર

સર્વે જૈન બંધુઓને ખબર આપવામાં આવેછે

આ ચોપડી શ્રી સુરત શેહેર મધે હરીપરામાં ગોળવાળા

ચકલે સામટી ખરીદનારને કમીશન આપવામાં આવશે.

હરીપરામાં ઠા૦ ગોળવાળાને ચકલે શા૦ ચુનીલાલ લાલચ

જયન્ત વીધ્યાર્થી		સુરત
રતનચાવળી		હરીપરામાં

